તુરરાના.

સુબોધ મનોરંજક ગુજરાતી ખ્યાલો

ભાગ પહેલો.

(018)

બનાવનાર તથા છપાવનાર

ઠકર મણીરામ જીવણ તુરરાવાલા

માલેક પોતે.

બેત.

શુરૂમા તું કરયાદ કીરતારની,
રચી જેણે રચના આ સંસારની,
ભણીને તુ પીંગલ ગુણી મતસાંધ
પછી કવ કથન મથમથન દે સુબોધ,
આ ખ્યાલોને વાચો તું નર ધરજે ધ્યાન,
જેથી ઝટ પ્રગટ થાસ ઘટઘટમા જ્ઞાન,
લે ગુણી તું લીખી સુભ મણીકર જતન,
મણીરામે મુક્યા ગણીને રંતન.

મુંબઈ:

અંગ્રેજી તથા ગુજરાતી 'જાબ પ્રીંટીંગ' પ્રેસ.

૧૮૯૨.

કીંમત રૂ૦॥

તુરરાના.

સુબોધ મનોરંજક ગુજરાતી ખ્યાલો.

ભાગ પહેલો.

બનાવનાર તથા છપાવનાર

ઠકર મણીરાંમ જીવણ તુરરાવાલા

માલેક પોતે.

બેત.

શુરૂમાં તું કરયાદ કીરતારની,
રચી જેણે રચના આ સંસારની,
ભણીને તું પીંગલ ગુણી સત્યસાધ,
પછી કથ કથન મથમથન દે સુબોધ,
આ ખ્યાલોને વાંચી તું નર ધરજે ધ્યાન,
જેથી ઝટ પ્રગટ થાસે ઘટઘટમા ગ્યાન,
લે ગુણી તું વીણી સુભ મણીકર જંતન,
મણીરાંમે મુક્યા ગણીને રંતન.

મુંબઈ :

અંગ્રેજી તથા ગુજરાતી "જોબ પ્રીંટીંગ" પ્રેસ.

૧૮૯૨.

કીંમત રૂ૦॥

અંગ્રેજી તથા ગુજરાતી "જૉબ પ્રીંટીંગ" પ્રેસમાં છાપ્યુંછે.

દીબાચો

આ નાદર પુસ્તકમાં સઘલા ગુજરાતી કીસ્સા કાહાનીઓના તથા બોધકારક ઘણાજ દીલને અસર કરનારા થોડા ને મોટા ખ્યાલો લીધામાં આવેલા છે "ભાગ પહેલો સુબોધ મનોરંજક તુરરાના ગુજરાતી ખ્યાલો."

એવી રીતનું નવું નાંમ આપેલુંછે. તેનું કારણ એછેજે અમે અમારા બીજા ભાગના દીબાચામાં લખી ગયા હતા કે આવતા ત્રીજા ભાગમાં ઉરદુ, ફારસી, અરબી, ખ્યાલો તે સાથે ઉસતાદ જરીફની ગજલોબી છપાવામાં આવસે. પણ ને તીજા ભાગને વીલમ લાગાવાથી મારા ઘણાએક દોસતો તથા મારા ગાયનોના સોખીન સજનો ઘણાજ અધીરા થઈ મારી ઉપર ભલામણ પત્રો મોકલવા લાગ જેમાં મુખ્ય કરીને સુરતવાસીઓ તથા રંગુનવાલી કે ગોવીંદરાંમ કંપનીથી મોટી ભલામણો લખાઈ આવી હતી કે હાલમાં થોડાએક બોધકારાક સારા ગુજરાતી લોક પ્રીય ખ્યાલો છપાવસો તો સોખીનો સુ જનોની તક સચવાસે મેં તેઓની પ્રાય આતુરતા ઘણાજ ઉપકાર સાથે સવીકારી પોતે જાતે મેહેનત લઈ આ નવા નામના પુસ્તકમાં સુબોધ ખ્યાલો બનાવી તથા છપાવી પ્રસીધ કીધાછે. જેમાં ઉસતાદોનો તથા લાગતા વલગતાઓનો કોઇનો પણ હક લાગુ પડતો નથી.

હવે મારા નવે નામના ભાગો એક પછી એક બાહાર પડતા જસે જેની ખરી ખુબી આગલ જતા માલમ પડસે અને ગુણી સજનો આ મારી નાકેસ કોસેસમાં ભલા મતનું મને ઉત્તેજન આપસે બસ એટલી આસા રાખુંછું.

આ પુસ્તકમાં પ્રથમતો મી૦ દાદાભાઈ નવરોજજી વીલાતવામાં પારલામેંટના મેમબર થયાછે તેઓની તારીફમાં એક બેત લખીછે જે ઇંદર સભાની રાહાપર મસનવીમાં પણ ગવાયછે ને બાદ કીરતારની તારીફો, પ્રાથનાઓ નસીયતો, બોધો માહારાણીજીની તારીફ, પતીવ્રતા સતીઓના સતપણાના દાખલાઓ, બાદ સ્ત્રી ચરીત્રોના ખ્યાલો, પરનારી વીસે બોધ, તેમજ બે પાક દામનની બાનુ

આ પીરોજબાઈ તથા બચુબાઈનો દુખદાયક મરણનો ટાવરવાલો ખ્યાલ, એક લોભી સેઠને ત્રણ ધુતારાનો બોધકારક દાખલો ઘણોજ હસવ લાયક વેગણા પાનડીના લગનનો કેદબંદી ખ્યાલ, પાચ તત્વનો ઝઘડો, નાએકાનુ વરનન તે બાદ વીકમ પ્રધાનનો ઘણોજ કરૂણારસ દુખદાયક ખ્યાલ તે બાદ દોસ્તોની દોસ્તીનો પ્રેમપ્રીતનો દાખલો નાએકાઓના વીલાપો કલીયુગનું વરનન છેલો નમનતાઈ ભરેલી અરજીનો ખ્યાલ.

બાદ સમાપ્ત.

સુબોધ મનોરંજક તુરરાના ગુજરાતી ખ્યાલોના સોખીન સજનોથી કે ગોવીંદરામ કંપનીને કેટલાએક સાહેબોએ ભલાણ કર્યાથી કે ગોવીં-દરામ કંપનીએ મારી ઉપર ભલામણ લખી આ કામ સોપ્યું તેથી મે મારી મોટી ખુશીથી આ નવે નામના ખ્યાલોના પુસ્તકો છપાવી બાહાર પાડયા છે માટે આ પ્રસંગે મુંબઇવાસીઓ મારા મીત્રોનો તથા મારા ગાએનોના સોખીનોનો તથા ગંજુનવાલી કે ગોવીંદરામ કંપનીનો હું મોટો આભાર માનું છું.

તાજેકલમ=હવે ગુણીજનોએ જાણવુ જોઇએ કે એક મોટો દીવો બલતો હોએ તેનો ઝનકાટ આસપાસ ઘણોજ પ્રકાસે છે પણ નીચે જોતા ઘણુજ અંધારૂ માલમ પડે છે તેમજ નાના દીવા નીચે ઘણું થોડું અંધારૂં દેખાએ છે માટે આ મારા નાના લખાણમાં અથવા મારા નાચીજ ખ્યાલોમા કાઇ પણ ભુલચુક હોએતો ગુણીજનોએ મેહેરબાનીની રાહે દરગુજર કરવી જોઇએ.

લા૦ ઠા૦ મનીરામ જીવણ તુરરાવાલા.

—o—

ગમે તેવી આફત પડે પણ ધીરજ નહી મુકવી.

ધીરજના ફલ મોઠાંછે.

બેત તથા મશાનવી.

દાતગર તે દાતા ધીરજનો ધણી,
દાદાભાઈની મદદ લાધી ઘણી,
ભાવ રાખી પુરો વીલાતે ગયા,
ઇરાદો અતી મન કરી ત્યા રહયા.
ન હીમતને છોડી ન છોડયું તું પન,
વગર મેમબર થાવે ન જાવુ વતન,

રોજીંદા અભીયાસ કરતા હતા,
જતા આવતા ધ્યાન ધરતા હતા,
જીવુ કે મરૂં બસ ન પાછો જઈસ,
પારલામેંટનો મેમબર નીસ્ચે થઈસ,
રહીને વીલાતમા લડતો કરી,
લાખો રૂપીયા ખોયા પણ હીમત ધરી,

મેંનતનો બદલો લીધો બસ પુરો,
ટલ્યો કોઈનો ટાલ્યો ન તે નર સુરો,
નામવનતા નવરોજજીનું ભાગ્ય ધન,

મેલ્યુ જેણે પાછલ અમુલ્ય રતન,
મની માનવંનતા સભાઓ ભરેછ,
બસ દાદાભાઈના વખાણો કરેછ,
રહ્યુ નામ દુનીયામાં કાયમ સદા,
થયો કોઈ ન થાસે એવો નર કદા,
યાદ જેણે દાતાની દીલથી કરી,

છે ધીરજની વસ્તુ માઠી રસ ભરી,
મનીરામ કહેછે ભલુ સહુ થસે,
હીનદુસ્તાનનું દુખ સરવે જસે.

તુરરાના

સુબોધ મનોરંજક ગુજરાતી ખેયાલો.

કીરતારની તારીફ.

(રંગત સીકશતાની.)

સભામા સમરૂ પ્રથમ હું તેને જેની લીલા વેદ ચારમાંછે,
પશુમા પક્ષીમાં જીવહરમા પ્રગટ સર્વ નરને નારમાંછે,
નીરાકાર નર હરીનીરનજન ફરી જુવોતો આકારમાંછે,
પવનમા પાનીમા તેજમા તે ગ્યાની ગુણીના વીચારમાંછે,
આભમા ધરતીમા સાતો થલમા હરીતે હરએક સારમાંછે,
ગ્રંથોમા પોથીમા પુસતકોમા અપારમાયા ન પારમાંછે,
નજર ન આવે ન કોઇથી છોટા હરએક ઘટ તારતારમાછે,
પશુમા પક્ષીમા જીવહરમા પ્રગટ સર્વ નરને નારમાંછે. 1

મસીદમાં મંદરમા મનમા તનમા પ્રસીદ હરી સર્વ કારમાછે,
કાબામા કાસીમા દુવારકામા દયા નીધી હર હરદુવારમાંછે,
પંડીતમા મુલ્લામાં મૌલવીમા ધ્યાનીમા ને ધુંનધુકારમાંછે,
રૂશીમા ભગતોમા તપસીઓમા હરએકના તે વીચારમાંછે,
માટીમા પાણીમા પરવતોમા વસતીને વન બાગો બાહારમાછે,
પશુમા પક્ષોમા જીવહરમા પ્રગટ સર્વ નરને નારમાંછે. ૨

ઝાડમા ડાલીમા પાન ફુલમા ફલોમા પ્રમીના પ્યારમાંછે,
પરીમા જીનોમા દેવતામા ફકીરોમા તાજદારમાંછે,
તે માનતામા ને મુરતીઓમા તે નીરધનોના આધારમાંછે,
ગોહરમા મોતીમા લાલ લાખોમા લાલ એક તેજદારમાંછે,
નજર ન આવે ન કોઇથી છોટા હરએક ઘટ તારતારમાછે,
પશુમાં પક્ષીમા જીવ હરમા પ્રગટ સર્વ નરને નારમાંછે. ૩

ભાવમા ભજનોમા ભગતીઓમા ભગત જનોના આધારમાંછે,
ગંગામા જમનામા સ્વરસતીમા તે સપ્ત સાગરની ધારમાંછે,
ખીયાલમા કવીઓમા ગગણીમા રંગીલો હર રંગદારમાંછે,
જરીફમા દારામા મીરમા તે અમીર કંઈ એક હજારમાંછે,
મણીરામમા ને નામ સઉમા તે યાર એક લાખો યારમાછે,
પશુમા પક્ષીમા જીવહરમા પ્રગટ સર્વ નરને નારમાંછે. ૪

(રંગત સીકસતાની.)

તે જાની મારો હું તાબે તેને ભુખો હું તેના દીદારનોછું,
દયાનો દરશણનો રજ ચરણનો હું દાશ દીલથી તે યારનોછું,
નમાલ ધનનો નકોઇ જનનો નભુખો હું ઘરને બારનોછું,
માયાનો મીલકતનો દોસ્તનો હું ન આશક કોઇની નારનોછું,
ન ભુખો હું રાજપાટનોછું ન દોસ્ત કોઇ પઇસાદારનોછું,
ન ભુખો વસતીનો વનનો ફુલનો ન ભમરો હું બાગો બાહારનોછું,
તે દાની મારો હું ભીખશુ તેનો હું પ્રેમી બસ તેના પ્યારનોછું,
દયાનો દરશણનો રજ ચરણનો હું દાસ દીલથી તે યારનોછું. ૧

ન માત પીતુ ન બેન બંધુ સગો ન કોઇ હું પરવારનોછું,
ગાડીનો ઘોડાનો પાલખીનો ન સોખી હું કોઇ સણગારનોછું,
ન મોલ મેડી ન ખેતીવાડી ન તલાવી કોઇ તાજદારનોછું,
મસીદનો મંદરનો દેવતાનો પુજારી નહી કોઇ દુવારનોછું,
તે તાત મારો હું શુત તેનો સીકારી હું તે સીકારનોછું,
દયાનો દરશણનો રજ ચરણનો હું દાસ દીલથી તે યારનોછું. ૨

ન કોઇ તીર્થનો તીર્થવાસી ન ભોગી કોઇ વીભીચારનોછું,
ગ્યાનીનો ધ્યાનીનો સંતનો હું ન મીત્ર કોઇ ગમારનોછું,
ન જાત મારી ન જાત તેની અજાત હું એ પ્રકારનોછું,
વલ્લભનો વાહલાનો વસકરણનો હું વહાલો પ્રેમી કીરતારનોછું,
તે દાની મારો હું ભીખશુ તેનો હું પ્રેમી બસ તેના પ્યારનોછું,
દયાનો દરશણનો રજચરણનો હુ દાસ દીલથી તે યારનોછું. ૩

કહે દાદાભાઈ સમજ તુ ગ્યાની હું આશક પરવરદીગારનોછું,
ચાંદનો સુરજનો દેવતાનો પાણીનો હું પ્રેમી ચારનોછું,
રટે મનીરામ રામ મુખથી કહેદાસ હુ પાલનહારનોછું,
હરીનો હરનો પ્રભુનો શીવનો હું ભગત પ્રેમી મુરારનોછુ,
ગુપ્ત જબાની મુકામે છદમાં વેપારી હુ છંદ બજારનોછુ,
દયાનો દરશણનો રજ ચરણનો હુ દાસ દીલથી તે યારનોછુ. ૪

બોધ.

(રંગત શીકસતાની.)

અરે મુસાફર તુ જાગ ઉંઘથી સવાર થઇ ગઈ જો તું નજરકર,
કયાંથી આવ્યો ને કયાં જવાનો તેનીતું મનમાં હવે ફકરકર,
ફરેછે જંગલમા બહુ લુટારા નતુ મુસાફર હ્યાં તારૂ ઘરકર,
ઘણી તે મંજલ કાપી હ્યાંની હવે તુ પાછી ત્યાંની સફરકર,
માલ જે લેવાનો હોએ તે લઇ લે ન વાર તેમા ગુણી ચતરકર,
જે માલમા તુને થાએ નફો તે માલની તું ખરીદ નરકર,

ન સુઈ રેહેતો ન જાતો આગલ પાછી નજર તારા ઘર ઉપરકર,
ક્યાંથી આવ્યો ને કયા જવાનો તેની તુ મનમા હવે ફકરકર. ૧

છે એકલો તું લુટારા ઝાઝા માટે મુસાફર તુ તેનો ડરકર,
છે ઘેર લાંબુ ને બીક ભારી માટે તું જાવાનો કંઇ હુનરકર,
જે નગ્રથી તુ આવ્યો મુસાફર તે હાથ પાછુ તારૂ નગરકર,
ન ફસતો અધવચમાં કંઈ જઇને વીચાર તેનો તું મન અંદરકર,
સત માન મારૂ કહેવું મુસાફર ન માનસેતો ખોસે વકરકર,
ક્યાંથી આવ્યો ને કયાં જવાનો તેની તું મનમા હવે ફકરકર. ૨

છે બોજો ભારી આ તારી પાસે તે સ્વાધીન કોઇને તું માલ જરકર,
થઇને જોગી જા પાર ઉતરી અસલનું ઘર તારૂ જઇને સરકર,
ઘર બેઠા મલસે વીયાજ તુને તે માલપર તું તારી ગુજરકર.
ન અમથો ફરતો ન ભટકી મરતો ન કામ કોઇને પુછયા વગરકર,
ન સુઈ રહેતો ન જાતો આગલ પાછી નજર તારા ઘર ઉપરકર,
ક્યાંથી આવ્યો ને કયાં જવાનો તેની તું મનમા હવે ફકરકર. ૩

તજ માલ જરને ભજ લાલ હરને હરી જનોથી ન નર અંતરકર,
ત્યાગ તું ગફલતને જાગ મુરખ હજીબી કહું છું તું મન અસરકર,
છે સાચો સાહેબ તે તારો મારો હું તુને કહું છું તુ મુખથી હરકર,
કહે દાદાભાઈ હરીજનોથી ન મુર્ખ હરગીજ તું જીકરકર,
અરે મનીરામ છંદ ગાઈને નામ ગુરૂનું સદા અમરકર,
ક્યાંથી આવ્યો ને કયા જવાનો તેની તું મનમા હવે ફકરકર. ૪

—o—

બોધ.

(રંગત શીકશતાની)

સદા ન રહેવાની જુવાની જાની સફાઇ અહેરાની કારી થાસે,
જેને તુ કહેછે કે મારીમારી એ માયા અંતે ન તારી થાસે,
ન માત પીતુ ન બેન બંધુ ન અંતની સાથી નારી થાસે,
ન મોહલ મેડી ન બંગલા વાડી સઉ એક ઘડીમા અકારી થાસે,
આ કાયા માયા છે ફક્ત છાયાં ન નર તે કોઇનીબી પીયારી થાસે,
જો તું શમજસે છે મીઠી માયા તો મીઠા કરતાબી ખારી થાસે,
ન જોતો માયા ન મોહતો મુરખ નહીતો તારી ખુવારી થાસે,
જેને તુ કહેછે કે મારી મારી એ માયા અંતે ન તારી થાસે. ૧

તજીને માયા ભજીલે હરને તો કીર્તી નર તારી સારી થાસે,
હરીને ગાસે તોતુ ગવાસે મન કામના તારી ધારી થાસે,
જો ધન ખરચસે ધણીના નામે તો નર ન કોઇદી ભીખારી થાસે,

દયાનો દાની થા ધર્મ ધ્યાની ત્યાં કીરતી વાહા ચરચા ભારી થાસે,
ન થઈ થવાની આ માયા કોઈની ન રેહેસે પાસે તે ન્યારી થાસે,
જેને તું કહેછે કે મારી મારી એ માયા અંતે ન તારી થાસે. ૨

તજીને ભગતી ભજીસ માયા કદી તુ તેનો પુજારી થાસે,
તો ત્યાંથી જાસે તુ ખાલી હાથે વાહ કાલ તારા શીકારી થાસે,
મેલી દે માયાની મમતા ભાઇ તો સાહાયે તુને મુરારી થાસે,
જાસે તુ એક પલમા સ્વર્ગ ધામે હરીથી વાંહ મીત્રાચારી થાસે,
ન જોતો માયા ન મોહનો મુરખ નહીતો તારી ખુવારી થાસે,
જેને તું કહેછે કે મારી મારી એ માયા અંતે ન તારી થાસે ૩

હરહરને રટસે તુ હરઘડી નર તો જગમા નર નામદારી થાસે,
નહીતો પસતાસે અંતમા તું જે વખ્તે જાવાની તઇયારી થાસે,
સમજે છે પ્યારી તુ સારી માયા એ માયા તારી ન મારી થાસે,
કહે દાદાભાઈ છે મોહની માયા તે અંતે ભાઇ નકારી થાસે,
મનીગમ કહે તરીસ તુ પલમા જો હર ભજનનો વેપારી થાસે,
જેને તું કહેછે કે મારી મારી એ માયા અંતે ન તારી થાસે. ૪

——o—

માહારાણીજીની તારીફ.

(રંગત સીકસતાની.)

માહારાણીજી અમર રહો જગમા કાયમ રાજ સરદારી તમારી,
લેજો કરોડોના રાજભારી એ પ્યારી ન્યારી વીનતી અમારી,
કાજ કીધા તમેરૂડા હજારો અમારે કાજે સુધારી આજે,
કુશલ કલાનો કરી વધારો નીતીને છાજે નવી કલાજે,
વીચારી ધારી વીદયા વધારી તે નીયાજે ગાજે છે એક અવાજે.
નવા નવાજે હુનર સમારી જોઇ કફાજે ધનીઓદાજે,
નેકીની કીરતીથી આલમસારી ગાએ તમારી સહુ હીંન્દ નારી,
લેજો કરોડોના રાજભારી એ પ્યારી ન્યારી વીનતી અમારી. ૧

ખાલી હુંનરની ચાવી સદાની વેપાર ધાઇ વધી કમાઇ,
દાદ દયાની છે રાજધાની નથી ઠગાઇ દયાલુ માઈ,
સર્વ ગ્યાનીમા તમોછો ગ્યાની પ્રસંગે ગાઈ નવી નવાઇ,
દાતા દીએ તમને મન માની અકલ સવાઈ અદલ સફાઇ,
સદા દાસ છે આ હીન્દ તમારી વીચારી ધારી લીઓ ઉગારી,
લેજો કરોડોના રાજભારી એ પ્યારી ન્યારી વીનતી અમારી. ૨

લાજ કાજ સરતાજ તમોછો રંકોના દાતા મયાલુ માતા,
મનુષ્ય પ્રેમી થઇ રમી રમોછો દુખ દીલ ત્રાતા ગુણીયો ગાતા,

તમે મનુસ્યો ને મન ગમોછો સુંદર સોભીતા ધનધન વીધાતા,
રાખી ટેક ધર્મની નમોછો ખરચીને ચાહતા સગુણ ગણાતા,
ખેરાત ખુબીને નામદારી સરવેથી ભારી તમે વધારી.
લેજો કરોડોના રાજભારી એ પ્યારી ન્યારી વીનતી અમારી. ૩

ઉમર અમર રાખો જગના સ્વામી ઓ રખવાલી સદા ખુસાલી,
તાજ તખ્તથી સંપ સુખ પામી લીઓ નીહાલી ઘનીમો ટાલી,
દાદાભાઈ ગુરૂ ગુણ ગામી મનીરામ ટકસાલી ખીયાલી,
સમ્રધ્ધી ખીલાને ગઇ ગુલામી રંકોને પાલી તમો સંભાલી,
કયેઆદરજી વખતને ધારી નીતીની સારી કીરતી ઉચારી,
લેજો કરોડોના રાજભારી એ પ્યારી ન્યારી વીનતી અમારી., ૪

રંગત લંગડી.

કીરતારની પ્રાથના

શીધકર શરજનહાર આપશુખશાર યાર છઉ હું લાચાર,
મારી મદતકર=તાર મને દુખ દરીયાથી પાર ઉતાર,
કીધું નથી કઇ દાન પુન મે જાણીયા નથી એકે તેહેવાર,
રાતને દાહાડો=કીધા બહુ પાપ પુન નહી કીધું લગાર,
નેકીથી રહીયો દુર બદી મે કરયા કરી બશ વારમવાર,
ભલાઇ કોઇથી=ન કીધી જાણીયો નહી કોઇનો ઉપકાર,
ગાઇ ગરીબ બ્રામણ શંન્તોને દીધી ગાળને મારયો માર,
મારી મદત કર=તાર મને દુખ દરીયાથી પાર ઉતાર. ૧

નાંદયા પરાઇ કીધી લીધી નહી ગરીબની આશીશ એકવાર,
મસ્ત થઇને=ફરયો બશ કરયો નહી અન્તનો વીચાર,
કાંમ ક્રોધ મધ લોભ મોહોવશ થઈ કીધા મે પાપ હજાર,
નીચ વરણથી=લીધો મે બોધ કીધું તન ભ્રષ્ટ અપાર,
અએ માલક હું તને ભુલીને થયો નરકને જઇ અખતીયાર,
મારી મદત કર=તાર મને દુખ દરીયાથી પાર ઉતાર. ૨

ભાવ ભજનોને ભુલી જઈ મે રાખ્યો નાચરંગપર પીયાર,
પર નારીપર=રાખ્યો અતી પ્રેમ કીધો પુનનો તીરશકાર,
અનીતીને વગર મે નીતી નથી કીધી કોઇથા દીલદાર,

હત્યા હજારો=કીધી મે દીધી ન કોઇને દમડી ચાર,
વાત ધરંમની જાણી નથી પણ અતી કીધો મનથી અહકાર,
મારી મદત કર=તાર મને દુખ દરીયાથી પાર ઉતાર. ૩

નથી તુ અનજાણ અએશાહેબ શઉઘટનો જાણે વીશતાર,
અંતશમામા=કરૂ હવે અરજ સમજ દે શ્રી દાદાર,
પગથી માથાવેર પાપથી છઉ ભરેલો અએ કીરતાર,
જરીફ દારા=કહે હર રાખલાજ આજ કાજ સુધાર,
મનીરાંમ દુખીયારો બીચારો રખે હરી તારો આધાર,
મારા મદત કર=તાર મને દુખ દરીયાથી પાર ઉતાર. ૪

સુભ સતીનુ બયાન

(રંગત લંગડી)

પતીવ્રતા પરેમદા બ્રામણી એક હતી ચાતર ગુણવાન,
અગીયાપતીની=માનતીશમજે પતીને દેવ સમાન,
સમજો કહુ એકઉતર દશામાં શેહેરચંદ્ર નામે ગુલજાર,
નવ લખ માણસ=ની વસ્તી મોહલી હતી હતું સુખ અપાર,
ત્યાં એક બ્રામણને બ્રામણી ગરીબ બન્ને રહે નર નાર,
તેને પેટે=એક પુત્રીએ આવી લીધો અવતાર.

શેર

કાન દઈ સમજો કહું પુત્રીના દુખની વાતજી,
જનમતાને વાર પુત્રીની મરી ગઇ માતજી,
બાપે પાલી મોટી કીધી વરસ થઇ ગયાં સાતજી,
એવામા દુખયારી તે છોકરીનો મુવો તાતજી.

ચાલ છોટી.

તે બાલપણામાં થઈ વગર બાપ માની,
કોઇ સગુવાહલુ નોતુ કે આપે અનપાની
રહી નાતના ઘરમાં થઇ છોકરી સ્યાની,
સઉ ન્યાતે તેને કહી વાત પણવાની.

દોહેરો.

ગુણવંતી સુંદરીએ ભેગી કરી પોતાની નાત.
કર જોડી કહે સુંદરી માનો કહું એક વાત

ઉઘડે દુવાર આવે પેહલો તે પતી થાય મારો જીવજાન,
અગીયાપતીની=માનતી સમજે પતીને દેવસમાન. ૧

નાતીલા કહે અરે સુંદરી કેમ બુધ્ધી ફરી તારી આવી,
નાતમા સગપણ=અમે તારૂ કરીએ ધન વવરાવી,
સમજુ નાતને ભાઈ બાપ દેશો જો કદી ઇંદર લાવી,
તોબી ન પરણું=માનતી નથી ઘણું એક સમજાવી.

શેર

નાતીલા સઉ ભેગા થઈ કરયો એક વીચારજી,
છોકરીને લઇને આવ્યા જયારે થઈ સવારજી,
ગાવ રંકો જોવા આવ્યા પછે ઉઘડયું દુવારજી.
એવામાં એક રગતપીતીઓ આવ્યો ત્યાં લાચારજી.

ચાલ છોટી

તે નારીએ નાખી તેના ગલામા માલા,
કહે તમે છો મારા પતી પ્રાણથી વાહાલા ,
સઉ નાતીલા તેના કરેછે કાલાવાલા,
વર પરણાવીએ તુને બીજો માનરે બાલા.

દોહેરો

કહે સુંદરી એજ મારો પતી પ્રાણ આધાર,
ના કેશો તમે મુજને તો મરીશ હું ખાઈ કટાર.
સ્ત્રી હત્યાનુ પાપ બેસશે માટે દીઓ મને જીવતદાન,
અગીઆપતીની=માનતી સમજે પતીને દેવસમાન. ૨

એ વાત હવેથી પછી કહીશ હવે કહું હું લંગડાનો વીસતાર,
ભીખ માગતો=દીવસના જએ ગતના ગામની બાહાર,
ત્યાં તેને એક રાંડ રાખીતી તેને બધું આપે લાચાર,
રાતના શુતો=દીવસના આવે માગવા ગામમોઝાર.

શેર

રોજના ધારા પરમાંણે ઉઠયો તે સવારના,
ગામમા પેઠો તે પેલો જયારે ઉઘડયા બારના,
એવામા પગ ધોઇને પીધા સતીએ ભરથારના,
કાંધે બેશાડી લાગી ફરવા સુભ લક્ષણ નારના.

ચાલ છોટી

આખો દી કાંધપર લઇને ફરી તેનારે,
થઇ સાંજ પતી કહે ચાલ ગામનીબારે,
ત્યાં રાંડ મારી એક રહેછે હયાંનો હારે,
માટે જલદી લઇને ચાલ મને તેને દુવારે.

દોહેરો

કહે સુંદરી તમારી આગીયા ચડાવી મારે સીસ,
જોઇએ ત્યાં લઈ જાઉં તમને તેની મને નથી રીસ.
તમે છો બ્રમા તમે છો શંકર તમે છો મારા શ્રી ભગવાન,
આગીયા પતીની=માનતી સમજે પતીને દેવસમાન. ૩

વચન માની ભરથારનુ લઈ આવી પતીને સતી પ્યારી,
રાંડને ઘેર=જઇને ઉભી પતીને ઉતારી,
પતી ગયો માલાપર ઓટલાપર બેસાડી તે નારી,
જરા ન મનમા=અંતરો લાવી સતી આગીયાકારી.

શેર.

સારી રસોઈ કરી જમ્યા રાંડ ને તે યારજી,
બનેનુ એઠું વધેલુ મોકલ્યુ નીરધારજી,
પગે લાગી અનને જમે સતી તે નારજી,
આઇને ઓટલાપર શુજે એમ બોલીઓ ભરથારજી.

ચાલ છોટી

વચન માની પતીનુ શુતી તે રાતે,
તેના પતીએ મારી મોજ રાંડની સાતે,
ગઈ રાત વીતી એમ પછી થઈ પરભાતે,
ધન પીતા નારનો ધન છે તેની માતે.

દોહેરો

ઉઠી સવારે બેસાડી કાંધપર ગઈ જમનાને તીર,
હાથેથી નવરાવ્યો પતીને ધોયું સઘલુ સરીર,
પગ ધોઇને પીધા પતીના પછી કર્યુ પોતે અસનાન,
આગીયાપતીની=માનતી સમજે પતીને દેવસમાન. ૪

રોજ એજ પ્રમાણે કરે પતીને કાંધપર લઇને ફરે,
આંખો દાહડો=ફરે રાતના આવે રાંડને ઘરે,
ઉતારે કાંધથી પતીને પછી પતી તેને હુકમ કરે,
બેસ કહેતો=બેસે તે હુકમ વગર નહી કદમ ધરે,

શેર.

એક દાહડે કાંધથી ઉતાર્યો ભરથારજી,
બેસ કહેતા ભુલીને ઉપર ગયો તે યારજી,
હુકમને આધીન હતી તેથી ત્યાજ ઉભી નારજી,
એવામા વરસાદ પડવા લાગો મુસલધારજી.

ચાલ છોટી.

સુતો શંડને સાથે પતી મતી ગઈ મારી,
મે વરસે મુસલ ધાર રાત અંધીયારી
છાતી સુધી પાણીમા ઉભી તે નારી,
તેની ભગતી જોઇને ઉઠયા ક્રીસન મુરારી.

દોહેરો

જરા વીલમ લાગી જાએ તો ડુબે જલમા નાર,
તેથી બેસી વીમાનમા આવ્યા ત્યાં ક્રીસન મોરાર.

કહે ક્રીસન બેસો વીમાનમા પતીવ્રતા તમે ચતરસુજાન,
અગીયા પતીની=માનતી સમજે પતીને દેવસમાન. ૫

અગીયા પતીની આવ્યા તેડવા તમે કોણછો રે ભાઇ,
કહે ક્રીસનજી=હુ છઊં પરીબ્રમ સાંભલ બાઇ,
મારો પરીબ્રમ ઉપર છે જે સુતોછે માલા માહાઈ,
તેનો હુ અગીયા=માનુબસ તે એક મારો જદુરાઇ,

શેર.

પેહેલા પતી બેસે જો મારો પછી હુ બેસુ સઇ,
પતીના હુકમ વગર હયાંથી કદી હુ બસુ નઇ,
કહે હરી તેના પતીને જલદી તમે આવો અંઇ.
બેસો બેઉ વીમાનમા જાઉ હુ વઇકુંઠમા લઇ.

ચાલ છોટી.

કહે પતી ક્રીસનને બેસુ હુ તે ક્યારે,
પેહેલા બેસે મારી રાંડ બેસુ હુ જ્યારે,
કહે હરી રાંડને બેસો ત્રણોજન ત્યારે,
તેની રાડ કહે મારા બીજા ઘણાછે યારે,

દોહેરો

પેહલા બેશે વીમાનમા જેટલા છે મારા યાર,
સમજી વાત ક્રીસનજી હરી કરવા લાગા વીચાર,
કેને કેને બેસાડુ વીમાનમા રાંડના લાખો હસે દીલજાન,
અગીયાપતીની=માનતી સમજે પતીને દેવસમાન, ૬

કોઇ આવે કોઈ રહી જાય માટે હરીએ કર્યા વીચાર,
એક સતીને=સારૂ હુ તારૂ ગામ આપ્યાને વાર,
બેસાડયા વીમાનમા સઉને નવ લાખ હતા નરનાર,
સતી પતીને=લઇ વઇકુન્ઠમા ગયા થયો જયજયકાર.

શેર

સુસુ સતીએ દુઃખ વેઠ્યુ એક પતીને કારને
પતીની સેવા કરી જઈ મલો વઈકુન્ઠ દુવારને,
ધનસતીની બુદ્ધીને તાર્યા સકલ નરનારને,
દારા કહેછે મલજો નારી એવી સઉ ભરથારને.

ચાલ છોટી.

હુકમ વગર પતીના સતી પીએ નહી પાણી,
નીતમેલે પતીને રાંડને ઘેર આણી,
તોબી તે પતીએ તેની કદર નહી જાણી,
અંતના સમામા રાંડને તેણે વખાણી,

દોહેરો.

પતીવ્રતાની મહેનત ઉપર જગાન આપ્યુ ધ્યાન,
અંતે રાંડને પ્યારી કરી એવો પુરૂષ બેઇમાન.

મનીરામ સઉ સાચુ કહેછે જેની બુદ્ધી બીલકુલ નાદાન,
અગીવાપતીનો=માનતી સમજે પતીને દેવસમાન. ૭

—:o:—

સ્ત્રી ચરીત્ર.

અરધી ઉમર પતીએ નારને બક્ષી તે છતા બેમાન થઉ.

(રંગત લંગડી)

ઘરની નારીને ઘડી ન મુકો જોઇએતો સમજો દેવસમાન,
તોબી સ્ત્રી=ન થાએ આપણી જોઇએ દીયો જીવતદાન
કાનદઇને શમજો ભાઇઓ કહું એક રજપુતની કાહાની,
પઈઠાવાલો=ઘણોતે હતો શરૂવે આબાદાની
તેની એક સ્ત્રી હતી જાણે કોઈ ઇંદ્રની ઇંદરાની,
શુ કહું તારીફ=નઈ એનેજેવી કોઈ થાવાની.

શેર

કાનદઈ સમજો કહું હવે વાત હું નરનાની,
રંગમેહેલમા કરે એશબંને ખબર નઈ શનશારની,
નઈ ખબરકે શાંજથઇ કે નઈ ખબર શવારની,
ચકચુર મોહોબતમા બેઉ એવી ખુબી તેના પેયારની,

ચાલ છોટી

રજપુત શમજે નારીને હાનો હારે,
કોઇ દાહડે મેહેલથી નીચે નઈ ઉતારે,
નારીને શમજે પ્રાંણ કરતા એ વધારે,
નીત ખાએ પીએ કરે એશ બંને નરનારે.

દોહેરો.

એક દાહડે નારી કહે ઇશવરજો કરે મારીઘાત,
તો સ્વામી શુ કરો તંમો કહોની સાચી વાત

એટલી વાત સાંભલતા રજપુત થઇગયો પોતે બેભાન,
તોપ્ણ સ્ત્રી=ન થાએ આપણી જોઇએ દીઓ જીવતદાન. ૧

ઝારોઝાર રોયા બેઉજન કોઇકેને નહી આપ્યો ઉતર,
હવે પારખુજોવા=બેઉની મોહોબત તોડાવે પ્રમેશવર,
ઇશવરના હુંકમથી નારી તે મરણ પાંમી એક પળ અંદર,
રોયે રજપુત=ઝારોબેઝાર પડી સહુકોઇને ખબર.

શેર.

શગાસહુ મલી કરી કરે ચીજશહુ તયારજી,
હાડડી બાંધીકરી કહે કાહડો નારને બાહારજી,
મડદુ નહી છોડે પતી રોએ તે ઝારોઝારજી,
કુટતો માથુને છાતી કરતો આહાહાકારજી.

ચાલ છોટી.

સહુ સગા કહે ભાઇ છોડો હવે નારીને,
જલદી લઇ જઇ નાખીએ તેને બારીને,
પછી પતીએ કાંધપર ઉચકી તે પીયારીને,
નાઠોકોઇ અઘોર વનમાં બાથ મારીને.

દોહેરો.

સગા સહુ નીરાશ થઇ આવ્યા પોતાને ઘેર,
ઇહા રજપુત પીયારી લઇ આવ્યો કોઇ ડુંગરમેર,

ડુંગર ઉપર ચડીકરીને બેઠો રોતો શું કહુ બયાન,
તોપ્ણ સ્ત્રી=નથાએ આપણી જોઇએ દીયો જીવતદાન. ૨

રડીરડીને થાકીયો અંતે રજપુતે મનમાં કર્યો વીચાર,
લાકડા વીણી=ખડકીને ચેહેબલી મરૂ લઇને નાર,
લાકડા વીંણી ચેહે ખડકી એટલામા કોઇ આવ્યો સરદાર
જોગીવેશ=આવીને પુછવા લાગો વાતનો સાર.

શેર

કીશકારને લકડી કીજમા કીશકારને રોતાહે તુ,
એ લાશ તેરી કોન હએ કેઉ અપના જી બોતા હેતુ
કીશલીએ મરનેકા બીયા બેઠા એ બોહોતા હેતુ,
શબ બીના મુજશે કહો કયું ઉદાશ મન હોતા હેતુ.

ચાલ છોટી

સમજો જોગી માહારાજ હકીકત શારી,
આ શાંમે છે મડદુ તે છે મારી નારી,
એ મારી નારીકે પ્રાણ એ કરતા પીયારી,
માટે એનેશંગ બાલુ છઉ દેહે મારી.

દોહેરો

જોગી કહે બેટા તેરા જોહોવે શચા પીયાર,
અધી ઉમર તેરીદશે દેકર કર હુશીયાર

ફીર શંગખાવેગે શંગપીવેગે શંગદોનોકી જાએગો જાન,
તોબી સ્ત્રી=ન થાએ આપણી જોઇએ દીયો જીવતદાન. ૩

વચનમાની જોગીનુ નારના મોનામા છોડીયુ પાંણી,
અરધી ઉમર=મારી તુને આપુછઉ શત પરમાણી,
જોગી થયો આલોપ ઈહા આળશ ખાઈ ઉઠી ઇંદરાણી
જોઇને જંગલ=સ્વામીને કહેછે મુખથકી વાંણી.

શેર

સ્વામી કાં આપણુ દેશ ગયુ અને કેમ તજીયું ઘરબારજી,
શુ કારણે લાવ્યા તમે મને આ જંગલમો જારજી,
કોઇ દાહડે મને મેહેલથી કાહડી નહી હતી બારજી,
શુ મારવાનો ઈહામને કર્યો હતો વીચારજી.

ચાલ છોટી

કહે સ્વામી તુતો મરી ગઈતી પીયારી,
સહુવે તુને બાળવાની કરી તૈયારી,
નાઠો હું વનમા તને કાંધપર શુવારી,
તારે ભેગી બાળતો હતો દેહે મારી.

દોહેરો

એટલામા એક જોગીએ મારો બદલ્યો વીચાર,
અરધી ઉમર મારી તને આપી કરી હુશીયાર.

પીયારી તારા પીયારને શારૂ જીવતી તને કીધી શતએ માન,
તોબી સ્ત્રી=ન થાએ આપણી જોઈએ દીયો જીવતદાન. ૪

નારીને શઉખોટુ ભાશીયું જુદો વાતનો સમજી શાર,
હવે ખોલા ઉપર=પીયારીના માથુ મુકી શુતો ભરથાર,
થાકી ગયોતો તેથી ઉંઘી ગયો ઝટ નહી લાગી વાર,
એટલામા કોઇ=શીકાર કરવા આવ્યો તીયા રાજકુમાર.

શેર

રાજકુંવરને જોઇ તે નાર મનથી મોહીત થઇ,
નારીને જોઇ રાજકુવરનીબી શુધ ઉડી ગઈ,
કુંવરે તેડી નારને આંખ ઇશારત દઈ,
પથરપર મુકી માથુ ધણીનુ બેઠી ઘોડાપર જઇ,

ચાલ છોટી

રાજકુવરશેહેરમા લાવ્યો તે નારીને.
કરી લગ્ન મેહેલમા રાખી શનધારીને,
રજપુત ઇંહા ગબડી પડીયો ન જોઈ પીયારીને,
પછી ઝારોઝાર તે રડે બોમ મારીને.

દોહેરો.

હવે ઇહા રજપુતના દુખનુ વરણુન શી રીતે થાએ,
જીવતી કરેલી નારી ગઇ તેનેથી કેમ રેવાએ.

ફરવાલાગો જંગલજંગલ ન પીએ પાંણી કે ન ખાએ ધાન,
તોબી સ્ત્રી=ન થાએ આપણી જોઇએ દીઓ જીવતદાન. ૫

શેહરોશેહર ફરવાલાગો ગલીગલીમાં અનવગર,
પુછે શઉને=મારી નારી કાંહા ગઇ તેની નહી ખબર,
ફરતોફરતો દૈવયોગે બે વરશે નારીનુ જડીયુ નગર,
મલ્યો પતોકે=ઇહા કોઇ નારી લાવ્યોછે રાજકુંવર.

શેર

એટલુ શાંભળતા તે રજપુત ગયો રાજદુવારજી,
રાજાને કહે ચોરી લાવ્યો કુવર મારી નારજી,
કુવર કહે પીતા નહી આ નારનો ભરથારજી,
તે નાર છે રંભાને જેવી આછે કોઇ ગંવારજી.

ચાલ છોટી

રજપુત કહે નારીને ઇહા બોલાવો,
નારી જો મોડેથી કહેતો મને અપાવો,
રાજા કહે કુવરને નારીને તમે લાવો,
આ કોણ મુસાફર એટલુ જોઇને જાવો.

દોહેરો

કુંવર કહે પટરાણી તે ન નીકલે પડદા બાહાર,
રાજા કહે લાવવી જોઇએ નીયાયેધીના આધાર.

વચનમાની રાજાનુ પછી કુંવર ગયો ઘરને દરમીયાન
તોબી સ્ત્રી=નથાએ આપણી જોઇએ દીયો જીવતદાન. ૬

નારી આવીને કેહેવાલાગી કોણ તુ ભીખારી મુશાફ્રર,
નથી ઓળખતી=હું તુને કાંથી આવ્યોતુ જંગલી નર,
કોઈનુ રૂપ જોઇને થયો ગાંડો ફ્રરીયા કરેછે તુ બેખબર,
તારે રશતે=તુ ચાલ્યો જા નહીતો ખોશે વકર.

શેર.

રજપુત કહે તુને જીવતી કીધી મે અરધી ઉમર દઈ,
તે અરધી ઉમર આપ પાછી જાઉ હું રશતો લઈ,
લે અરધી ઉમર તારી પાછી એટલું કહી મરી ગઇ,
રજપુત થયો પછી ચાલતો પડી નાર ઇંહા મડદુ થઈ.

ચાલ છોટી.

આ વાતની રાજાને થઈ ખાતરી શારી,
પછી નારના મડદાની કીધી બહુ ખુવારી,
કહે દાદાભાઇ તમે મનમા જુવો વીચારી,
આ જીવતી કરેલી ધણીની નહી થઇ નારી.

દોહેરો.

નશરવાંનજી નવરોજ કહે નહી થઇ તે લગનની નાર,
તો પરનારી કેમ થાએ કરોને મનમા વીચાર.

મનીરાંમની નશીયત શાચી શમજો શઉ કોઇ દઇને કાન,
તોબી સ્ત્રી=ન થાએ આપણી જોઇએ દીધો જીવતદાન. ૭

---:o·---

સતીયોએ પતીની કેવી શેવા કરવી

તેનો એક ખરેખરો દાખલો.

(રંગત લંગડી.)

હોએ શતી ગુણવાંન અની તે શમજે પતીને શરજણહાર,
દુખમા પતીને=દીએ શુખ ધીર્જે શતી પતીવર્તાં નાર,
પુર્વ દેશમા પ્રેમપુર કરી નગરી હતી અતી ગુલજાર,
વશતી અઢારે=વરણની રાજ કરે રમણીક સરદાર,
ધર્મશીલ ધનવાન ધરમશી નાંમે રેહેનો તીયાં એક શાવકાર,
જમના નાંમે=હતી એક તેની નાર ગુણવંત અપાર.

શેર.

મોહન મદન એવે નાંમનાં બે પુત્રો તેવોના હતા,
હતા અતી રૂપવાંન જોઇ ચંદર શુરજ શરમતા
શુભ લખપણા જોઇ પુતરને માબાપ મન પરશન થતા,
ચરણુ ધોઈ માબાપના પીતા પછી ભણવા જતા.

જેવા માતને તાત એવા બે ભ્રાત ભર્યા ગુણના ભંડાર,
દુખમા પતીને=દીએ શુખ ધીરજ શતી પતી વર્તા નાર. ૧

હાંમ દાંમને ધાંમ નાંમ શુખશંપત શઉ ભોગવે અતી.
રાતને દાહાડો=રહે આનંદમા પુત્ર બેઉ શતી પતી,
દુખ દુનીયામાં શું છે તેની શપનામાબી નહી યાદ હતી,
ગામો ગાંમમાં=શેઠના શુખની તારીફ અતી થતી.

શેર.

શુખમા વરશ વીત્યાં કંઇ નહી ગ્રેહે તેમા એક નડયું,
આવ્યા ગ્રેહે વાંકાં પછે શુખમા દુખ આવી પડીયું,
શુખનો શાગર શોશીને પછી દુખનું વાદલ ચડીયું,
દુખને વખતે શોધ્યું શુખ શુભ શતીથી પતીને જડીયું.

હવે ધરમી સેઠના દુખનો શમજો કહું શરવે વીસતાર,
દુખમા પતીને=દીએ શુખ ધીરજ શતી પતીવર્તા નાર. ૨

અરધી રાતને સમે એકાએક લાગી આગ બશ ઘરમોઝાર,
શેઠ શેઠાણી=પુત્ર બે વશતર ભર નીકલ્યા ઘરબાર,
પાંચ શાત બલ્યાં ઘેર શેઠના જે બાંધ્યાતાં હારોહાર,
માલને મીલકત=ગઇ શઉ બલી રહી નહી કાંઇ લગાર.

શેર.

શુધ બુધ ઉડી ગઈ શેઠની બલ્યા ઘેર સાતો રાતમા,
વલી વાંહાણ ડુબ્યા માલના આંવી ખબર પરભાતમા
રૂદન તે શેઠ અતી કરે વલી પુત્ર બે શંગાતમા,
જોઇ ગતી આવી પતીની શતી કહે એકાંતમા.

ધીર્જ ન મુકો પ્રાણનાથ શઉ શારૂ કરશે તે કીરતાર,
દુખમા પતીને=દીએ શુખ ધીર્જ શતી પતીવર્તા નાર. ૩

રજા ચાકરો મેતાનોને આપી બાઇએ દુખી થઇ,
શેઠ શેઠાણી=પુત્ર બે રહીયા ઘેર ભાડાનુ લઇ,
શુખ દુખનું જોડુંછે પતી આ દુખ આવ્યુ તે જશે વઇ,
ગભરાશો નહી=પુત્ર કહે અમે મજુરી કરશું જઇ.

શેર.

એવામા બીજુ દુખનુ વાદલ આવ્યું ચડી આકાશમાં,
આવ્યું તેડું જમનું બે પુતરો મર્યાં બે માશમા.
નરનાર બેઉ રૂદન કરે પુતરો રહીયા નહી પાશમા,
એ હરી તે શું કરી રાખ્યા અમુને આશમા.

પુત્રોને પેહેલા તે અમારો પ્રાણ હર્યો નહી કેમ કીરતાર,
દુખમા પતીને=દીયે શુખ ધીર્જ શતીપતી વર્તા નાર. ૪

પુત્ર શોકમા શેઠ શુકાઈ ગયા પડયા માંદા નીરધાર,
તાવ ખઇનો=થયો અતી રોગ ન શકતી રહી લગાર,
દલનુ દરે નીત શતી અતી શેવા કરે પતીની શાંજ શવાર,
ઓશડ વેશડ=ઘણાએ કર્યા ન આવ્યો દુખનો પાર.

શેર.

માગ પીયરના ગાંમમા એક વઇદ છે હુશીયારજી,
તીયા તમે ચાલો પતીતો આવે દુખનો પારજી,
ગાંમ છોડી ચાલ્યા તે પગ રશને વનમો જારજી,
રાત થઈ ગઈ વનમા લીધો વાશો તેણી વારજી.

નીદ્રા વશ થયો પતી શતી જાગરૂત રહી નહી બીએ લગાર.
દુખમા પતીને=દીએ શુખ તારે તરે પતીવર્તા નાર. ૫

થયો એકાએક કોપ પતીના પગમા શર્પે દંખ કર્યો.
પાડી બુમ એક=પતીએ શમજયું શતીએ પતી મર્યો,
હાએ હાએ પીયુ પતી પ્રાંણ આધાર પ્રાંણ આ કોણે હર્યો,
વન વગડામા=મને મેલીને માર્ગ તમે કીયા ધર્યો.

શેર.

રૂદન શતી કરતી અતી બેઉ નેત્રથી આંશુ ઝરે,
કુટતી માથુને છાતી રડતી તે સુવાશા ભરે,
જોઇને જીવજંન્ત જંગલના શઉ આહા આહા કરે,
થયો પવન ચોમેરનો ઝાડો રડે પાતરાં ખરે.

અએ વનના વાશીયો પક્ષીયો મારો હરો જીવ કરો નવાર,
દુખમા પતીને=દીએ શુખ ધીર્જ સતી પતી વર્તા નાર. ૬

ત્રણ દાહાડા ત્રણ ગાત્ર વીતી ગઇ રડતાં રડતાં નારીને,
ધગતી ધ્રુજવા=લાગી જોઇ અબલાનાર બીચારીને.
પુરો પ્રેમ જોઇ પ્રાંણ પતીપર ચીંનતા થઇ ગીરધારીને,
શાહે શતીની=કરૂ જઇ મલુ પતી હીતકારીને.

શેર.

લક્ષમીજીને જોડે લઇ આવ્યા શતી કને શ્રીહરી,
લક્ષમીએ શતીના મુકીયો માથાપર કર પ્રેમે ભરી,
અખંડ શૌભાગણ રેજે બેન એમ બોલ્યા લક્ષમીજી ફરી,
બેશો શતી વીમાનમા બોલ્યા હરી હેતે કરી.

શરજીવન શ્રીનાથે નાથને કર્યો મલ્યો શતીને ભરથાર,
દુખમા પતીને=દીએ શુખ તારે તરે પતીવર્તા નાર. ૭

શોક એઉનો હર્યો હરીએ કર્યો બોધ થયું અંતર ગીયાન,
હરી ચરણમા=પડીયા બેઉ શતી પતી તર્યાં અંતે નીધાન,
માટે સતીયો શેવા પતીની કરો શાહે થાશે ભગવાન,
દુખનો ડુંગર=પડે તોએ શહન કરો શતી ચતરશુંજન.

શેર.

ધન શતીની શુભ મતી તારી પતીને તે તરે,
હુકમ વગર પતીના શતી એક પગલું નહી આગલ ભરે,
તારે તરે તે નાર જે નીત ધ્યાન એક પતીનું ધરે,
જરીફ દાદભાઈ શઉ શતીઓને શત નશીયત કરે.

મનીરાંમ શુભ શતી પતીનું ગાએછે ગુણ વારંમવાર,
દુખમા પતીને=દીએ સુખ તારે તરે પતીવર્તા નાર. ૮

પર નાર વીશે બોધ.

(રંગત લંગડી)

મીથ્યા પીયાર વીશાર યાર નહીં રાખ પ્રેમ પરનાર ઉપર,
પરનારીના=પીયારમા કંઇ એક થયા ઘરબાર વગર,
મોટા મોટા વીદવાનો ગુણીગુણવાનો ભુલ્યા આચાર વીચાર,
પ્યાર પ્રેમમાં=ફશીને અન્તે થયા લાચાર ખુવાર,
રાવ રંક થઇ ગયા પ્રેમમા ખાઇ પ્યારની માર અપાર,
કોઇદી સુખમાં=ન શુતા જોયો ન કોઇએ શારલગાર.

શેર.

ભાવ ભજનોને ભુલ્યા કોઇ પ્રેમમા પરનારના,
પ્રેમને વશ થઇ બેઠા જઇ દાશ થઇ તેને દુવારના,
કોઇ વનવનમા ફર્યા જઈ તજી શુખ શનશારના,
કોઇ જોગી થઇ ગયા ઘરના રહયા નહીં બારના,

માટે માન નાંદાન ધ્યાનધર પરનારીનો પ્યાર ન કર,
પરનારીના=પ્યારમાં કંઇ એક થયા ઘર બાર વગર. ૧

પ્રેમીફુલ પરનારી પાછલ લાખો ભમરા ફર્યા કરે,
પરનારીતો=પ્રાંણધન લાખોજનના હર્યા કરે,
જોઇ તેજ દીપકનુ પતંગીયા લાખો લાહામાં બર્યા કરે,
દીપકને મન=ન કંઇ થઈ પ્રેમી પતંગ મોહી મર્યા કરે.

શેર

તેમ તારે મન પરનાર એક પણ તેને મન કંઈ લાખ યાર,
પછશો હશે જાંવેર તાંવેર જોશે પરનારીનો પ્યાર,

શુખમાં રેશે શાથ તારી દુખમાં દેશે દુખ અપાર,
માલ ધન શઉ ઓઇને પશતાશે નર તુ વારંવાર,

પોપટ જેવી આંખ બદલશે ફરી ન કરશે યાર નજર,
પરનારીના=પ્યારમાં કંઈ એક થયા ઘર બાર વગર. ૨

તન મન ધન અરપન તુ કરશે કહેશે કે મારી થાશે,
જીવથી જાશે=કદી તું તોયે ન તે તારી થાશે.
તારી મારી શું પણ તે કોઇનીબી ન પરનારી થાશે,
જે કોઇ કરશે=પ્યાર તેની અન્તે ખુવારી થાશે.

શેર

પ્રાણને અતી શેવશે તોએ પ્રાણ નહીં પ્રાણી થશે,
તેમ ધન તારૂ હરી તે જાણી અનજાણી થશે,
રડશે પછી તુ યાદમા અંતે ધુડધાણી થશે,
એકતો પઇશા જશે બીજી જીવની હાણી થશે,

અતી પ્યારમા મારયાર બશ ઓશે વારમવાર વકર,
પરનારીના=પ્યારમા કંઈ એક થયા ઘરબાર વગર. ૩

માટે પ્યાર નહી કરો અરેશઉનરો ધરો નશીયત પર ધ્યાન,
ભુલેથી કોઇ=કરે ન કરે દુખી થઈ મરે નાદાન,
વાચ્યું સાંભલ્યું કેહેતો નથી મે કરી જોઇયુ તો આવ્યુ ગીયાન,
માટે શઉને=કહું છું રખે ન કોઈ ભુલતા ભાન.

શેર

હું કરૂં તે કરતાં નહીં જોઇ કહું તે કરજો શઉ,
છે મારી નશીયત શત ગુણી એક મતથી ચીત ધરજો શઉ,
આપ દુખી થઈ કરી દુખીયોના દુખ હરજો શઉ,
જરીક દાદાભાઈ કહે શત વાણી આચરજો શઉ,

મનીરામ ઓધવ કહે હરીના નામને તુ હરવાર શમર,
પરનારીના=પ્યારમા કંઇ એક થયા ઘરબાર વગર. ૪

---:o:---

રંગત લંગડી ઝડફી.

પાકદામનની બે બાનુંઓ પીરોજબાઈ તથા બચુબાઈનો દુ:ખદાયક હેવાલ રાજાબાઈ ટાવરનો ખ્યાલ.

(રંગત લંગડી ઝડશે)

બેઉ નણંદ ભોજાઈ, પીરોજબાઈ બચુબાઈ, માસીને મળવાને ધાઈ,
મન ઉમંગ ધરી*જમરાજાએ=ઘેરી અધ વચમાં ન પાછી ઘેર ફરી,
દાદરના ખુનનો ગમખાર, નોતો વીસરાયો લગાર, થયો બીજો ગમ તઈયાર,
ધોળેદાડે=બેઉ બાનુઓ=ખુશીમાં ચલે જમ થયા પછવાડે,
હળીમળી ચાલે નારી, પાછળ મોત ભમે ભારી, બેઉ શું જાણે બીચારી,
જમ ખુન પાડે*સીધો રસ્તો=તજી જમ લઇ ચાલ્યા મારગ આડે.

શેર

ઇસવીસને અઢારસે એકાણું અપરેલ માસજી,
તારીખ પચીસ સનવારનો દાહડો હતો તે ખાસજી,
ટાવર જોવાની બાનુઓને થઇ મન આસજી,
જ્યાં જ્યાં ભમે બેઉ બાનુઓ ભમે જમ તે ચોપાસજી,

ક્યાં જવાની ક્યાં ગઇ, ટાવર જોવા ઇછા થઇ, અંતે ફસી બેઉ જઇ ,
મોતે મતી હરી=જમરાજાએ=ઘેરી અધવચમાં ન પાછી ઘેર ફરી. ૧

મનમાં ખુશી થતી ઘણી, ચાલે પોતે ટાવર ભણી, ચડે ટાવરપર બેઉ જણી,
હઇએ હરખ અપાર=ટાવર જોઇને=પાછા આવી શું જસુ માસીને દુવાર,
ઉભા કાળની એકાંત. બેઉની કરવા સારૂ ઘાત, એવી સુજાણે તે વાત,
અંતનો વીચાર=રૂપવંતીયો=નતીસાધવી હતી બેઉ અબળા નાર.

શેર

અસતે અસતે હસતે મોહડે બેઉ ટાવર પર ચડી,
તેમ તેમ પાસે આવી બેઉ અબળાઓની અંતની ઘડી,
જોઇ કાળનું વીકરાળ રૂપ બેઉ નીચે એક પછી એક પડી,
જેમ આભથી તારા પડે તેમ નીચે બાનુઓ ગડબડી,

એક પડતાને વાર, મોતે કીધી તેને ઠાર, એકનો હતો સાસ લગાર,
અંતે બેઉ મરી=જમ રાજાએ=ઘેરી અધવચમાં મુવેલી ઘેર ફરી   ૨

લોહી લોહાણ બેઉના તન, જોઈ કંપ્યા સઉજન, સઉનુ દુખી થયું મન,
ઘણી થઈ અસર=મોહલે મોહલે=જઈ મોબેદોએ સઉને કરી ખબર,
થઈ ગઈ બોમાબોમ. ભેગી થઈ પારસી કોમ. દુખ વાપ્યું રોમરોમ,
આવ્યા નારી નર=જેજે લાસને=જુવે તેનુ ધ્રુજે તનમન થરથર.

શેર

એવામા એક પારસીએ લાસ બેઉ ઓલખી હતી,
જે એકનો હતો ભાઈ બીજી બાનુનો હતો પીઉ પતી,
દોડીને તેડી લાવ્યો માને આવી મા દુખી થતી,
ઓલખી જેણે વહુ દીકરીને શોકમન કરતી અતી,

જોઈ લાસો માથું કુટ્યુ, કહે નસીબ મારૂ ફુટ્યું, ધન જમે સરવે લુટ્યું,
કહે રૂદન કરી=જમરાજાએ=ઘેરી અધવચમા મુવેલી ઘેર ફરી.   ૩

સગા કરે હાએ વાએ, જોઈ લાસોને અકલાએ, સઉ કરે ત્રાએ ત્રાએ,
અતીત્યાં નર નાર=ટાવર પાસે=આઠ વાગા સુધી રહી ભીડ અપાર,
ડાકટર બ્લેનીએ ખાસ, એવી કીધી ત્યાં ફરમાસ, ઝુરી હાઉસમા બેઉ લાસ,
જાવ લઈ આવાર=સમજી હુકમને=થયા નારાજ સગા સઉ કરે વીચાર.

શેર

પોલીસવાલા અમલદારો સઘવે ત્યાં હાજર હતા,
બાનુઓના એસીયોએ અર્જ કરી ભરી નમ્રતા,
લાસો ઘેર લઈ જવાની આપો રજા રહે સમતા,
કહે કમીસનર ડાકતર કને જાવો જેની છે આ સતા,

કેહવા મુજબ અરજી કીધી, રજા બ્લીનીએ દીધી, ગેહન ત્યાંથી ફેરી લીધી,
ગમ ઘણો કરી=જમ રાજાએ=ઘેરી અધવચમા મુવેલી ઘેર ફરી.   ૪

નવે મોદીખાને આવ્યા, બેઉ લાસો ઘરમા લાવ્યા, સઉના મુખ બહુ કરમાવ્યા,
થયા અતી ઉદાસ=રાત રૂદનમા=ગઈ બારવને ચુથાઈ બેઉની લાસ,
સવાર પડતાને વાર, આવ્યા જરથોસ્તી અપાર, આસરે પોણા બે હજાર,
બેઠા આવી ઘરની પાસ=રવીવારને=દાહડે ભરી ઝુરી લાસની કરી તપાસ,

શેર

ડાકતર બ્લીનીએ જબાની સગા સાકસીની લઈ,
મુલત્વી રાખી ઝુરી ઉઠયા લઈ જવાનો હુકમ દઈ,
અવલ મંજલ પોચાડવાની પછી સઉ તૈયાર થઈ,
સરવે પગે લાગા પછે લાસોને પાસે જઈ જઈ,

થઇ લઇ જાવાની ત્યારી, થાવા લાગો ગમ ભારી, રડે અતી નર ને નારી,
આંખે આંસુ ભરી=જમ રાજાએ=ઘેરી અધવચમા મુવેલી ઘેર ફરી. ૫

નીકલ્યા બનેના રૂવાન, ગમ કરે સઉ ઇનસાન, થાએ માતમનું ધ્યાન,
જગે જગે અપાર=મેહેરો શેહેરમા=બેઉ અબલાઓનો થયો ગમનો પુકાર,
રસ્તે રૂવાનો જે જોએ, તેખી પગે પડી રોએ, માતમ કરે હર કોએ.
વહે આંસુઓની ધાર=નીર્દય થયા કેમ=અરે દાદાર દાદગર પરવરદીગાર.

શેર.

ગમ ભર્યો દેખાવ જોઈ ગમ સઉ કોઈ કેમના કરે,
વજરનીબી છાતીવાલો લાસો જોઈ ધીરના ધરે,
જાત યા પરજાત જોઈ લાસોને કહે અરે અરે,
એ હરી તેં સું કરી સરવે રડે સ્વાસા ભરે.

રાજાબાઈ ટાવરનું નાંમ, પ્રસીધ થયું ગામોગામ, એવી થઈ ધુમધાંમ,
ગમ સીતમ ભરી=જમ રાજાએ=ઘેરી અધવચમાં મુવેલી ઘેર ફરી. ૬

ખબર થઈ દેસો દેસ, પછી ચાલ્યો તેનો કેસ, અંતે થયું નહી લેસ,
એસ થઈ ઘણી=ખાતર પાછલ=કર્યો દીવો પણ ન અંતે જડયું મણી,
શક ઉપરથી જેને ધર્યો, બેગુના તે અંતે ઠર્યા, મોતે મુગત તેને કર્યો,
મરી ગઈ બેઉ જણી=નરનારીના=ન મનથી યાદ હજી ગઈ ટાવર તણી.

શેર.

સું સું થયું તે જોયું શઉ હવે સું થસે તે જોઇસું,
પાછીબી લખસું લખાવટ મન મોતીને પોઇસું,
કીરતારની મરજી કને બીજો કરે ભાઈ કોઇસું,
ખુદા જાણે બાનુંઓના ગમમા કાંહાવેર રોઇસું.

કરવું કીરતારનું થાએ, જાએ બ્યર્થ સઉ ઉપાય, પાપ આપથી જણાય,
સઉ જરી જરી=જમ રાજાએ=ઘેરી અધવચમા મુવેલી ઘેરી ફરી. ૭

જાતીતી માસીને દુવાર, એવું ધારી બેઉ નાર, વચમા ફર્યો તે વીચાર,
ધાર્યું નહી થયું=ટાવર ઉપર=મથાલે ઠેટ મોત ખેંચી લઇ ગયું,
બનવાનું તે બને ભલે, કોઈ કાલે તે ન ટલે, ચોપડયું તે કોઈ કલે,
જે ગયું વયું=જે જે બન્યું તે=કહયું મે પાછો કહીસ હું રહયું સયું.

શેર.

ખ્યાલ સમજી ખ્યાલથી મનમા કરો સઉ ખ્યાલજી,
જે જે નથી કહયો હાલ તે રોશનછે સરવે હાલજી,
જરીફ દાદાભાઈ કહે સમજી ચતરનર ચાલજી,
કોઈ કાલમા આદરજી કહે લઈ જાસે સઉને કાલજી.

બે બાનુનો ચીતાર, જોએ મનીરામ યાર, ઘણો રોએ ઝાર ઝાર,
આતી રૂદન કરી=જમ રાજાએ=ઘેરી અધવચમાં મુવેલી ઘેર ફરી. ૮

રંગત ખડી.

બોધ.

(રંગત ખડી.)

પુરૂન બ્રમ પરશોતમ સ્વામી છે ઘટ ઘટમા આપો આપ,
પુજા કરો નીત પ્રેમથી તેની જપો હાથ માલા લઈ જાપ,
પુષ્પ પાન લઈ સેવા કર વલી દાન કોઈ બ્રામણને આપ,
પુન પદારથ સારી વસતુ સમજીને નહી કરતો પાપ,
પુજારી થઈ પ્રભુનો રાખ ઉપવાસ કસ્ટ કાયાના કાપ,
પુલ બાંધ તુ સત ધર્મનો સદા પ્રકાસે સત પરતાપ,
પુગસે એક પલમા પતાલમા નહી કર નરમન દુખ વીલાપ,
પુજા કરો નીત પ્રેમથી તેની જપો હાથ માલા લઈ જાપ. ૧

પુષ્પ તાગરા ચડાઓ પુન્યથી જલદી થાએ હરજનનો મીલાપ,
પુર પાણીનું રહે નહી ખાલી ન મારો પગથી તરાપ,
પુંજ ધર્મનો કીધો નહી પસતાઈ મર્યા કરી કાપા કાપ,
પુર્થવીપર કર ધર્મ કર્મ તજ પાર ઉતર નર તજ સંતાપ,
પુગસે એક પલમા પતાલમા નહી કર નર મન દુખ વીલાપ,
પુજા કરો નીત પ્રેમથી તેની જપો હાથ માલા લઈ જાપ, ૨

પુત્ર આપણે છૈએ પ્રભુના તે છે કુલ દુનીયાનો બાપ,
પુઠો પ્રાપ્તીનો તું પડતો મેલ ન ખાતો તનપર છાપ,
પુરવે જનમની પરાઈ નીદયા નડે પડે ભોગવવા સરાપ.
પુષ્કળ દુખ પડયા કાયાપર સહન કીધા સઉ તડકા તાપ,
પુગસે એક પલમા પાતાલમા નહી કર નરમન દુખ વીલાપ,
પુજા કરો નીત પ્રેમથી તેની જપો હાથ માલા લઈ જાપ. ૩

પુર્વ પશ્ચમ ઉતર દખ્ખણ ફરી ફરી કીધો પસતાપ,
પુતલી પ્યારી બેઉ આંખોની ઉઘાડ કાડ પડદાની ઝાંપ,
પુરો થયો પાપનો ચોવંગ ગાંઉ સદા દારાની છાપ,

પુરો હીત હુ પ્રેમથી તેનો મારૂ અગ ડકડાપર થાપ,
પુછ પુગ ગુરૂને જઈ કહે મનીરામ પછી દેજે જબાપ,
પુજા કરો નીત પ્રેમથી તેની જપો હાથ માલા લઇ જાપ. ૪

—— o ——

લોભી અને ધુતારાની વીગત.

(રંગત ખડી.)

ધુતારાઓએ ધનવાનને વીરજના સબ્દો સહુ સંભલાવ્યા,
લખમીબાઇએ લટકો કીધો લોભીદાસને લલચાવ્યા,
લોભીને ઘેર ઘણી લક્ષ્મી તોએ તેનું મન ભરે નહી,
ખાએ ન ખરચે ખવરાવે નહી ધર્મની પઇનો કરે નહી,
પતીવ્રતાઓ પણ નહી ભુલે વેસ્યા કોઇથી વરે નહી,
તેમ લોભીયા વસે જહા તાં ભુખે ધુતારા મરે નહી.

ફેકતા.

બે તન ધુતારા થયા એકઠા,
લોભીદાસને ઠગવા પેઠા,
જોગી થઈ જઈ પાસે બેઠા.

જોગીને જોઈ મોહી પડયા સેઠ તરત ઉઠી પાસે આવ્યા,
લખમીબાઇએ લટકો કીધો લોભીદાસને લલચાવ્યા. ૧

બે ચેલાઓ કહે સેઠજી કયા હમ ગુરૂકે કરે બખાન,
હમ દોનોંકે બીચમેં બયઠે હએં વો માહા પુરૂષ ગુનવાન,
કલહમ કાસીકો જાએંગે દો હમકો સીધા સામાન,
મન ઇછા ફલ મગો ગુરૂસે કરે ગુરૂ તુમરા કલ્યાન.

ફેકતા.

નામ સીધાનું સમજયુ જયારે,
સેઠ ધુજવા લાગા ત્યારે,
કહે પીડા આ પતમેં કયારે.

સદા વરતમા જાઓ સાધુજી ઢોંગ સોંગ કાંથી લાવ્યા,
લખમીબાઇએ લટકો કીધો લોભીદાસને લલચાવ્યા. ૨

વાત ગુરૂએ ફેરવી નાખી કહે સેઠ સુણલો બાની,
ગાંજા હમરે પાસ ધરા હએ થોડા મગા દીજે પાની,
ગાંજા પીકે ચલે જાએંગે કરદો ઇતની મીજબાની,
પાણી મંગાવી આપ્યું સેઠે ચલમ ભરાવી ગાંજાની.

ધ્રેકતા.

સોનાનો એક ટુકડો લીધો,
ચલમની વચમા મુકી દીધો,
ગાંજો બનાવી તનદાસે પીધો.

રાખ ચલમની આપી સેઠને સાધુ સદાવ્રતમા આવ્યા,
લખમીબાઇએ લટકો કીધો લોભીદાસને લલચાવ્યા. ૩

સોનું જોઇ પડયા મોહી સેઠ પસતાવા લાગા વારમવાર,
કયાં જાઉ કયા સોધુ સાધુને એવો કરે મન અતી વીચાર,
પછી સાધુને સોધવા સારૂ નીકલ્યા સેઠજી ઘરની બાહાર,
જઈ ધરમસાલામા ગુરૂના ચરણ ધર્યા થઈ દુખી અપાર.

ધ્રેકતા.

ચાલો ગુરૂજી મારે ઘેરે,
તમને ન જાણ્યા મે કોઈ પેરે,
કરો હવે મારાપર મેહેરે.

અતી વીનંતી કરી કરગરી સેઠ સાધુઓને લાવ્યા,
લખમીબાઇએ લટકો કીધો લોભીદાસને લલચાવ્યા. ૪

લાલચમા પડયા લોભીદાસજી સમજયા ગુરૂને સરજનહાર,
સુધબુધ ભુલી ગયા સેઠ કરે સેવા સાધુની સાંજ સવાર,
પરસન થયા ગુરૂનાથ બેટા કયા મનમે તું કરતા હએ બીચાર,
મન ઈછા ફલ મગો મેરેસે ભરૂ તેરે ઘરમે ભંડાર.

ધ્રેકતા.

કહે સેઠ સમજો ગુરૂ ગ્યાની,
મને અતી ઇચ્છા સોનાની,
બાએશ કીધી ગુરૂએ રૂપાની,

ચાંદીકા સોના કર દુંગા એમ શેઠને સમજાવ્યા,
લખમીબાઇએ લટકો કીધો લોભીદાસને લલચાવ્યા. ૫

રોકડ નાણું માલને મીલકત વેચીને ચાંદી લીધી,
સરવે ચાંદી ભેગી કરીને સાધુને લાવી દીધી,
ભઠી ચડાવી કથીલની ચાંદીને પાસ રાતે કીધી,
ચલમ ગાંજાની પાઈ સેઠને માહા ઠગોએ બા પીધી.

ટેકતા.

પછી શેઠને નીંદરા આવી,
ગયા કામયાગર બહુ ફાવી,
રાતે રાત ભાગા ભઠી ઓલાવી.

આવ્યા પોતાના દેશમા સાધુ વેશ સન્તના બદલાવ્યા,
લખમીબાઇએ લટકો કીધો લોભીદાસને લલચાવ્યા. ૬

ઉઠયા સવારે લોભીદાસજી કામયાગરને નહી જોયો,
અતી રૂદન કરી કહેવા લાગો ડોયો મે ડાપણનો ડોહયો,
લોભ લાલચમા પડી જઈ મે માલ ગાંઠનો સઉ ખોયો,
કોઈદી ખાધુ પીધુ લીધુ નહી દીધુ એમ કહીને રોયો.

ટેકતા.

અતી લોભ પાપનું મુલછે,
પેલા જુવો પોતાની ભુલછે,
જુવો કેવી માયાની હુલ છે.

દાદાભાઈ મનોરામ કહે કંઈ ભલા ભલાને ભરમાવ્યા,
લખમીબાઇએ લટકો કીધો લોભીદાસને લલચાવ્યા. ૭

———:o:———

વેગણા પાપડીના લગન
વાંચીને રાડી થજો મંગન
(રંગત ખડી)

વહીવટીયા વેગણાભાઇ વરઘોડે ચડી વરવા આવ્યા,
જમરૂખ જાબુ જાનઇયા લઇ પાપડીને પરણી લવ્યા,
મરચાના માડવામા તોરણ કોથમીરના બંધાએ છે,
વરરાજા વેગણાભાઈ વચ્ચમા બેશી મલકાએ છે,
ચોરા ફરી પીઠી ચોરે મલી ગુવાર ફલી ગીત ગાએ છે,
કાકડીઓ કકળાટ કરી મલી પાન સોપારી ખાએ છે.

ટેકતા

દાઢી ડાળીમા વર રાજાની,
પીતા પપઇયો વરનો ગ્યાની,
સાસુ વરની સીંગ સેકટાની,

સસરાજી સાકરકોલાએ મંગલીક વાજા વજડાવ્યા,
જમરૂખ જાબુ જાનઇયા લઇ પાપડીને પરણી લાવ્યા. ૧

પાપડી તરફથી ગીત ગાવાને આવી બાઇઓ સરવે ભાજી,
લુણી જરસ ચોરી પોઇ ભીંડ પતરી થઇ મનમા અતી રાજી,

ટાકલો નાલુ અલુ અંબાડો ખટુમડો પાલક પાજી,
માચો મોગરો સરસુ સુઓ તાંદલજા ગોલની ગા ભાજી.

ક્ષેકતા

ડાંભો જઈને લાંબો બેઠો,
તેને મનાવા મુલો પેઠો,
સુરન સહુથી બેઠો હેઠો,

કાંદાભાઈ કરગરી પડી સહુ સાજનયાને સમજાવ્યા,
જમરૂખ જાંબુ જાનઈયા લઈ પાપડીને પરણી લાવ્યા. ૨

સકરકંદે સરનાઈ વગાડી વરરાજાને સણગારયા,
ચીભડાએ ચૌઘડા વજાડયા ગલકાએ ગાડા હંકારયા,
કનટોલા કારેલા વરના કાકા કામ કરે ધારયા,
ટાંબોટા કોથમીડા બટાટા વચમા ફરે મારયા મારયા,

ક્ષેકતા

કેલાબિલા ચાલે સહુને
સલગમ શ્રી ફલ આલે સહુને,
ગાજર હાજર ભાલે સહુને,

ગીરીનરીસ ગોંગાટ કરે બહુ તુરીયાએ તાસા ખડકાવ્યા,
જમરૂખ જાબુ જાનઈયા લઈ પાપડીને પરણી લાવ્યા. ૩

પડોશ ઓરા આવ્યા સામે બીલમડી સહુને બેસાડે,
ચોધારી મોધરી સાંગરી ગાએ ગીત બુમો પાડે,
કારભારી કવડાબીચ કમરખ જતા આવતાને કાડે,
રતાલુ લાલભટ બનાને આવ્યા વર વહુને ઉભા આડે.

ક્ષેકતા

ફરસબી ફેરા ચાર ફરાવે,
વર વહુને મંડપમા લાવે,
ભીંડા હુલકર ભણે છે ભાવે.

કારમદાએ કનસાર જમાડી પોસાક સહુને પેરાવ્યા,
જમરૂખ જાબુ જાનઈયા લઈ પાપડી ને પરણી લાવ્યા. ૪

ડબલ બીચ ટીંડોરા વાલોર સપેદ કોલા માંગે માન,
ચણા વટાણા નાણા વનતા જમાડે જુગતીથી સહુ જાન,
કાલી ફુલાવર મગમઠ ચોરા આપે છે સોપારી પાન,
સાકર કોલા સેઠ સહુને નમી નમીને કરે વખાણ.

ટેકતા

પછી જાન સરવેને વળાવી,
નારંગી મોસંબી આવી,
લીંબુએ ઘેર લીધા વધાવી,

વરની મા દાધીએ મોહલમા પલંગ પ્યારના પથરાવ્યા,
જમરૂખ જાબુ જાનઇયા લઇ પાપડીને પરણી લાવ્યા. ૫

વહુજી ગોરા વરજી કારા તે વહુને વર ગમે નહી,
પાપડી ગોરી વેગણું કારૂ તેથી રંગે રમે નહી,
કોઇદી સાથે સુવેન બેસે કોઇદી ભેગા જમે નહી,
પછી વેગણા ભાઇ કહે હવે તમે નહી કાં અમે નહી.

ટેકતા

પાપડીને પીયર મોકલાવી,
જઇ કુંભી કેરીએ મનાવી,
ફરી ફુદનાએ સમજાવી,

આદુલસન દીલ પસંદ મેથી જઇ પાપડીને લઇ આવ્યા,
જમરૂખ જાબુ જાનઇયા લઇ પાપડીને પરણી લાવ્યા. ૬

લાગા પછી હલી મલી રેહવા ચાલ્યો વહીવટીયો વેહેવાર,
રહયા પાપડી બાઇને મહીના હવે કહું તેનો વીસતાર,
દન પર દન સુકાવા લાગી પાપડી બાઇ નાજુક નાર,
માસ થયા સઉ પુરા જણ્યા પાપડી બાઇએ પુતર ચાર.

ટેકતા

આવી પાપડી બાઇ ચકરમા,
પુત્ર જણી મરી ગઇ પલભરમા,
વાલભાઇ સુતા વાસરમાં,

સેવડા સાલીટબીટે પાણીથી વાલભાઇને નવરાવ્યા,
જમરૂખ જાબુ જાનઇયા લઇ પાપડી પરણી લાવ્યા. ૭

એજ વરસમા પાપડીનો ગમ કરી વેગણાભાઇ મર્યા,
વાલભાઇ સુકાઇ ગયા સઉ માત પીતાના કાજ કાર્યા,
એવા સાકભાજીના વીવા કર્યા નામમે સરવે ધર્યા,
બાકી રહયા હોએ નામ સાકના કેજો ગુણી તમે ભેદ ભર્યા.

ટેકતા

મારા કહેલા એક ન કેજો,
જુવાબ દાદાભાઇને દેજો,
નહી આવે તો છાના રહેજો,

મનીરામે કંઇ અનેક તરાના ખીયાલ બનાવી સમજાવ્યા,
જમ રૂપ જાબુ જાનઇયા લઇ પાપડીને પરણી લાવ્યા. ૮

—:0:—

પાચ તત્વનો ઝગડો
(રંગત ખડી.)

અગની પવન ધરતી અકાશ જલ પાંચો કરે ઝગડો ભારી,
કોણ નાનો મોટો પાંચોમા દે જવાબ જોઉં હુશીયારી,
અગની કહે હું રહું પાણીમા મારી માયા છે શારી,
બીજી અંગની રહુ શુરજમાં મારા તેજની બલહારી,
તીજી અંગની રહું શરીરમા ચલાઉં કાયા અદકારી,
ચોથી અંગની રહું જગ્તમા ઘરઘરમા છાયાં મારી.

ચાલ

વલી ધુંધુંકારમા મારી જોત ઝરે છે,
તે અધા ઘોરમા આપોઆપ બરે છે,

જીવણુ મરણુની હું છઊં શાથી મારેથી શઉ નર નારી,
કોણુ નાનો મોટો પાંચોમા દે જવાબ જોઊં હુશીઆરી. ૧

ધુંધુંકારમા વાયુ કહે છે ઝુઝ હું પવન ચલાઊં છું,
બીજો પવન આ શાશ છે મારી ઘટઘટમા હું શમાઉંછું,
તીજો પવન ચાલે દુનીયામાં ગુણી તુને શમજાવુંછું,
ઘડીમા પુરવ ઘડીમા પછંમ એવો નાચ નચાઊંછું,

ચાલ

હું વચન ક્રીસ્નથી હારી ગયો એક દનમા,
નહી તો ધરતીને આભ ઉદાડુ છનમા,

મારે વગર સઉ કાંમ રહે અટકી મારે પર સઉ જાએ વારી,
કોણુ નાનો મોટો પાંચોમો દે જવાંબ જોઊં હુશીયારી. ૨

ધરતી કહે છે મારા જેવો કોણુ કરે બીજો સણુધાર,
વીધાચલ ઉધાચલ દ્રોણા હેમાચલનો મુજપર ભાર,
કેલાશ પરવત ઘોરીધારા શદાશીવ રહે છે કે દાર.
અઢારશો ભરત્નનશપતી શઉ જીવજંત રહે છે શનશાર.

ચાલ

શઉ માટીથી ઉતપન થયા ને થાશે,
અંતે માટીમા શરવે મલીને જાશે,

માટીની મેહેમાં મોટી માટીની મલે અંતે ઇયારી,
કોણુ નાનો મોટો પાંચોમા દે જવાબ જોઊં હુશીયારી. ૩

આકાશ કહે છે શમ જો ભાઇયો ચારો તમે મુરખ પ્યારા,
મારા તન પર ખીલી રહીયા છે રવી ચંદ્ર નવ લખ તારા,
દલ વાદલ છે મારા ઉપર ધર્યા ઇંદ્રએ નગારા,
શમજો ગુણી ગુણવાન વલી છે શર્વંગ લોક ઉપર મારો.

ચાલ

ભ્રમાએ મને બ્રમાંડ રચીને દીધુ,
વીશનુને કહીને મને ઉભુ કરી લીધુ,

પ્રથમ ધુની મડાન મારામા શું કહું ઝાઝુ વીશતારી.
કોણ નાનો મોટો પાંચોમા દે જવાબ જોઉં હુશીયારી. ૪

પાંણી કહે હુ જગત રચી દઉં તે તમને પ્રકાશ કરૂં,
જીવજન્ત પખશી પંખેરૂ શઉના ઘટમાં વાશ કરૂ;
પલમા મેઘ થઇ લાગુ વરશવા અનવન ફુલ ફલ ઘાંશ કરૂ,
પલમા શઉપર કરૂં મેહેર ને પલમા શઉનો નાશ કરૂં.

ચાલ

છે શા તો સાગર માંરા મારી અતી માયા,
ગંગા જમનાનુ નીર કરે શુધ કાયા,

નદી નાલા તલાવ કુવા તર મારેથી કુલ કીયારી.
કોણ નાનો મોટો પાંચોમા દે જવાબ જોઉં હુશીયારી. ૫

પાંચ તત્વનો રચ્યો છંદ કડાબંદ પ્રબંદ કરી કવીતાઇ,
છે શા શતરની વાત ગુણી જન શમજ શીખ કર ચતુરાઇ,
પાંચથી તું હું શઉ નારી નર થયા શમજ તજ મુરખાઇ,
કયું તત્વ મોટુ પાંચોમા પુછે ભેદ દાદાભાઇ.

ચાલ

પેલા તુ ધ્યાન શતગુરૂ ચરણનુ ધરજે,
પીંગલને ભણી તુ પછી શાહેરી કરજે,

મણીરામની વાંણી શુણી લે ગુણી ન કર તારી મારી,
કોણ નાનો માટો પાંચોમા દે જવાબ જોઉં હુશીઆયારી. ૬

——:o:——

નાયેકા શદગુંણોં

(રંગત ખડી.)

ચંદ્રવદની ચીતચોર ચતુર લોચન ચંનચલ ચમકાવે છે,
છેલછબીલી છરછંદમા છાની વાતો શમજાવે છે,
રંગરંગીલી રશીકરૂપાળી રૂપ રંભાનુ લજાવે છે,

મનમોહોહની મુરતમાધુરી મુનુશને મન ભાવે છે,
સુભ લખષણી શર્વ ગુણી શોભીત તન શાજ શજાવે છે,
ભ્રકુટીભાલ કપાલ લાલમન ભાન શશી ષરમાવે છે,
મ્રીગનેની નાજુક નખરારી નૈનની શયેન ચલાવે છે,
છેલછબીલી છરછંદમા છાની વાતોં શમજાવે છે. ૧

શજે શોલ શણગાર શરીરે શુંદર પાન્ત શુભાવે છે,
દ્રગ અનજેન મુખ મજંન વીખ ધર વેશ કેષ લપટાવે છે,
કાંનકોટ કંનચુકી કશી ઉર કર કકણુ ઝલકાવે છે,
ચપક વરણી ચટક ચાંદણી ચપલા ચાલ બતાવે છે,
શુંદર શજની શુઘડ શલુની શુભ દ્રષ્ટી દરશાવે છે,
છેલછબીલી છરછંદમા છાની વાતો શમજાવે છે. ૨

ચતુર શીરોમંણી પકંટ હરણી પાંન્ત શબ્દ શભલાવે છે,
શીધ કરણી શુધ શુભ આચરણી ધરણી ધરને ધુંણાવે છે,
ભાવ ભાગતણી ભામની ભોલી ભગતનુ ભાન ભુલાવે છે,
તારૂણી તીખ્ષણુમાં તપ તપશીયોને તુરત તજાવે છે,
શર્વંગ શીખરણી શતવનંતી જલપર પાપાણુ તરાવે છે.
છેલછબીલી છરછંદમા છાની વાતો શમજાવે છે. ૩

પતીવ્રતા પ્રેમંદા પ્રાંણુ પીઉપતીને પ્યાર જણાવે છે,
હરખ હંશણી હશ વીનોદથી પતીને અતી રીઝાવે છે,
અદીક વીચાર આચાર શાર શુભ શઉને શતી શીખાવે છે,
અતી આનંદ આકાર બંદ છંદ દાદાભાઇ બનાવે છે,
મણીરાંમ નીરમલી નાયેકા પીંગલથી પરખાવે છે,
છેલછબીલી છરછંદમા છાની વાતો શમજાવે છે. ૪

———:o.———

રંગત મેરી જાન ઝડફી

સ્ત્રી ચરીત્ર

ત્રીકમ પ્રધાનનો ખ્યાલ

રંગત મેરી જાનની ઝડફી.

એઇમાન છે ઘર નારી૦ ઘર નારી યા પર નારી (મારી જાન)
નારી બેશે જો ધણીને પાશ,
પોતાનુ માથુ કાપી૦ શતી થાએ ધંણીને આપી૦
તોબી ન કરો વીશવાશ*
એક કહુ ઇશ્કની કહાની૦ તમે શમજો કાન દઈ ગીયાની૦(મારી જાન)
રજા હતો એક ગુણવાન૦
કોઇ શાધુ પરશન થઇને૦ ગયો અમરત કુંપી દઇને૦
રાજાએ લીધુ વરદાન*
એની પરીખશા લેવી જોઇએ૦ કોઇને વાત ન કેવી જોઇએ૦(મારીજાન)
બીડુ રાખીયુ શભાને દરમ્યાન,
કોની બહરી એવી શતી, માથુ આપે કહે જો પતી૦
મને જોવાનુ છે અરમાન*

બેનમાઈ

કરે રાજા ચતુરાઇ૦ બીડુ રાખ્યુ શંભા માઇ૦
રાજા બોલ્યો નહી કાંઇ૦ બીડુ લે છે પરધાનજી,
ત્રીકમ પરધાનનુ છે નાંમ૦ બીડુ લઈ કીધી શલામ૦
રાજા તમારો ગુલામ૦ ઘણો હું નદાનજી.

ચાલ છોટી

કહે ત્રીકંમ રાજા દાશીને બોલાવો,
દાશીને કહો તમે ત્રીકંમને ઘરે જાવો,
મારી નારીનુ માથુ તમે મગાવો,
દાશીને કહો તમે જલદી લઇને આવો.

દોહરો

રાજા દાશીને કહે તુ જલદી થા તઇયાર,
રૂમાલ ચાલી હાત લે વલી બીજે હાત તલવાર.

શેર

રાજા દાશીને કહે તુ જા ત્રીકંમને ઘરે,
તેને જઇને કહે કે માથુ માગીયું છે તારા વરે,
માથુ લઇને આવજે કાંપે પોતાને કરે,
કચેરીમા આવજે તાંથી જો તુ પાછી ફરે,

લઇ આગંન્યા દાશી ચાલી૦ જા ત્રીકંમની ઘરવાલી (મારી જાન)
માંગે માથુ ધણી તમારો ખાશ,
પોતાનુ માથુ કાપી૦ શતી થાએ ધંણીને આપી૦
તોબી ન કરો વીશવાશ* ૧

શજીને શાજશણગારેલે૦ હીચકતી નાર હીંદોલે૦ (મારી જાન)
દાશીના શમજી શત વચન,
તમારી તરવાર લાવો૦ મારૂ માથુ કાપી જાવો૦
બોલી તે કઠણ કરી મન*
તરવાર નારીએ લીધી૦ પછી ઘાત પોતાની કીધી (મારી જાન)
